ભગવતીકુમાર શર્માની વિદાય વર્ષો સુધી અભાવ સાલશે

ગાંધીનગર, તા. ૫

સમગ્ર ગુજરાતમાં અને દક્ષિણ ગુજરાત તથા સુરતમાં જેમની ઓળખ સાહિત્યમનીષી તરીકેની છે એ ભગવતીકુમાર શર્માનું ૫ સપ્ટેમ્બર ૨૦૧૮ (શિક્ષકદિન)ના દિવસે દુઃખદ અવસાન થયુ. નવલકથાકાર, વાર્તાકાર, કવિ, અનુવાદક, નિબંધકાર-બહુમુખી સાહિત્ય સર્જક હતા. સાહિત્ય ઉપરાંત પત્રકારત્વતા ક્ષેત્રે પણ એમનુ અગત્યનું પ્રદાન હતુ.

શબ્દ જ્યારે વાણી રૂપે અવતરે ત્યારે એ કેટલો કોમળ હોઈ શકે, એનો અનુભવ કરવો હોય તો ભગવતીકુમાર શર્માને સાંભળવા પડે. 'અસૂર્યલોક', 'સમયદ્વીપ', 'ઊર્ધ્વમૂલ' જેવી માતબર નવલકથાના આ લેખકે આજીવન શબ્દની ઉપાસના કરી હતી. એમનું સ્વાસ્થ્ય તો છેલ્લા ઘણા વર્ષોથી નાદુરસ્ત હતું પણ એમનો શબ્દ આજીવન તંદુરસ્ત રહ્યો હતો. શરીરની અવસ્થા અત્યંત નાજુક હતી તો પણ એમણે શબ્દનો સાથ છોડ્યો નહોતો. આંખની નબળાઈ સ્પર્શ દ્વારા પૂરી થતી હતી અને સ્મૃતિ અત્યંત સતેજ હોવાને કારણે પણ એમને મળીએ ત્યારે એક સર્જકની ઉષ્મા અનુભવાતી હતી.

રાષ્ટ્રીય સ્તરના સાહિત્ય અકાદેમી પુરસ્કાર, પત્રકારત્વ માટે નચિકેતા પુરસ્કાર, નરસિંહ મહેતા કવિતા પુરસ્કારથી માંડીને અસંખ્ય પુરસ્કારથી તેઓ સન્માનિત હતા. ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ પણ તેમણે શોભાવ્યુ હતુ. દક્ષિણ ગુજરાતની સાહિત્ય પ્રવૃત્તિ અને એમાં પણ સુરતની સાહિત્ય પ્રવૃત્તિ એમના લીધે સતત ધબકતી રહી હતી. એમના પછીજ પાંચેક પેઢી સુધી એમણે સર્જકોનું સંવર્ધન કર્યુ હતુ.

ભગવતીકુમાર શર્માની વિદાય એ વિદાય નથી પણ એવો અભાવ છે જે વર્ષો સુધી સાલતો રહેશે.

શ્રેષ્ઠ શિક્ષક સન્માન - શિક્ષક દિને રાજ્યના શ્રેષ્ઠ ૩૨ શિક્ષકોનું સન્માન ગૌરવપૂર્વક રાજ્ય સરકારે કર્યું હતું... શિક્ષકોનું સન્માન સમાજ અને શાસનની નૈતિક જવાબદારી છે... આવતીકાલના સમાજ રચનાના શિલ્પી શિક્ષકોનું સન્માન શિક્ષક દિનની ઉજવણીને યથાર્થ કરે છે... રાજ્યપાલશ્રી, મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણમંત્રીશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનપત્ર અને શાલ એનાયત કરાયા હતા...

જિલ્લા પંચાયતની સાત સમિતિના ચેરમેનો આજે હોદ્દો સંભાળશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લા પંચાયતની સાત સમિતિના વરાયેલા ચેરમેનો આજે સામુહિક રીતે તેમના નવા હોદ્દાનો વિધિવત ચાર્જ સંભાળશે. જિલ્લા પંચાયતની સાત સમિતિઓના ચેરમેનોની નિમણુંક ૩૧મી તારીખે કરવામાં આવી હતી. આજે ચેરમેનો સામુહિક રીતે પોતાનો નવા હોદ્દાનો કાર્યભાર જિલ્લા-તાલુકાના આગેવાનો, ધારાસભ્યો, હોદ્દેદારોની વિશેષ ઉપસ્થિતિમાં સંભાળનાર છે.

૧૧.૩૦ થી ૧૨.૩૦ની વચ્ચે આ ચેરમેનો તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે.

જિલ્લાની શાળાઓમા શિક્ષકોની ઘટ નિવારવા માટે ટુંકમાં ભરતી કરાશે

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જુદા જુદા વિષય શિક્ષકોની માહીતી એકત્રિત કરવા તબક્કાવાર કામગીરી હાથ ધરાશે : હાલ પ્રવાસી શિક્ષકોથી કામ ચલાવાય છે

ગાંધીનગર તા ૫

શિક્ષણ વિભાગ દ્વારા આગામી દિવસોમાં વિદ્યાસહાયકોની ભરતી પ્રકીયા હાથ ધરવામાં આવશે. જયારે હાલ શાળાઓમાં શિક્ષકોની ઘટ અંગે માહીતી એકત્રિત કરવામાં આવી રહી છે. શહેરની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે તે અંગે શાળાના વિષય શિક્ષકોની માહીતી એકત્રિત કરવાનુ કામ હાથ ધર્યુ છે. આ મામલે શાળાના આચાર્યોને પણ જરૂરી સુચના આપી માહીતી સુપ્રત કરવા માટે જણાંવાયુ છે. ગત ઉઘડતા શૈક્ષણિક સત્ર દરમિયાન શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન હલ કરવા માટે પ્રવાસી શિક્ષકોની ભરતી કરવામાં આવી હતી. જયારે આગામી દિવસોમાં શાળાના શિક્ષકોની ઘટને નિવારવા માટે ભરતી કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં શાળાઓમાં વિવિધ વિષયોના શિક્ષકોની ઘટ નિવારવા માટે શિક્ષણ તંત્ર દ્વારા પ્રવાસી શિક્ષકોની ભરતી કરી કામ ચલાવાનો નિર્ણય લેવાયો હતો. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનુ શિક્ષણ ન કથળે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા પ્રવાસી શિક્ષકોની યોજના લંબાવામાં આવી હતી. જયારે આગામી દિવસોમાં

● અનુસંધાન પાન-૭ પર

આજથી કુડાસણની સોસાયટીઓમાં પુનઃ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરને અડીને આવેલ ન્યુ ગાંધીનગર શહેરી વિસ્તારના કુડાસણ પંથકમાં આજથી બે દિવસ દરમિયાન જિલ્લા મેલેરિયા તંત્રની ટીમો દ્વારા હઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવશે.

કુડાસણના સોસાયટી વિસ્તારમાંથી સતત છુટા છવાયા વાહકજન્ય રોગના કેસો મળી રહ્યા હોવાથી તંત્ર એ ૬ ને ૭ દરમિયાન ૮ જેટલી ટીમો ૩૪ કર્મચારીઓની બનાવી અને સર્વેલન્સની કામગીરી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

તંત્ર દ્વારા આ વખતે સર્વેલન્સ દરમિયાન મચ્છરના બ્રિડીંગ મળી આવશે તો છેલ્લી નોટીસ આપવામાં આવશે અને આ પછી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ન્યુ ગાંધીનગર શહેરી વિસ્તાર વાહકજન્ય રોગચાળા માટે અતિ સંવેદનશીલ બની ઉભરી રહ્યો છે. ૧૫ દિવસમાં આ બીજી વખત હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ હાથ ધરવામાં આવી રહ્યું છે. આ વિસ્તારની વિવિધ સોસાયટીઓના પદાધિકારીઓ સાથે પણ એક જાગૃતિ અભિયાન અંતર્ગત બેઠક યોજવામાં આવી હતી. આ ઉપરાંત ત્રણ વખત સમગ્ર રાજયમાં જયારે સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે પણ સર્વેલન્સ કરાયું હતું જે ઉલ્લેખનીય છે.

આ વિસ્તારમાંથી ડેનગ્યુના ૧૨થી વધુ અને મેલેરિયાના ૨૫થી વધુ અગાઉ કેસ મળી આવ્યા હતા જે ઉલ્લેખનીય છે.

સે-૧૫માં આદિજાતિ જનજાતિના વિદ્યાર્થીઓ માટે નવી હોસ્ટેલ બનશે

ચાર માળની હોસ્ટેલમાં ૨૫૦ વિદ્યાર્થી રહી શકે તેવી વ્યવસ્થા કરાશે : હોસ્ટેલના બિલ્ડીંગ પાછળ રૂ ૧૫ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર તા ૫

શહેરના સે-૧૫ માં અનુસુચિત જાતિ અને જનજાતિના વિદ્યાર્થીઓને અનુલક્ષી નવુ હોસ્ટેલ બિલ્ડીંગ બાંધવામાં આવશે. આ બિલ્ડીંગના નિર્માણ પાછળ રૂ ૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ બોયઝ હોસ્ટેલમાં ૨૫૦ વિદ્યાર્થીઓ રહી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

એજયુકેશનલ હબ બનતા ગાંધીનગરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા વિશેષ છે. શહેરમાં અનેક વિધ શાળાઓ સાથે કોલેજો તેમજ અનેકવિધ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ અને યુનિવર્સિટી કાર્યરત છે. જયારે બહારગામથી શહેરમાં અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓની સંખ્યા પણ વિશેષ છે. ત્યારે બહારગામના વિદ્યાર્થીઓને શહેરમાં રહેવા માટે પુરતી સુવિધા ન હોવાનો સુર અનેકવાર ઉઠવા પામે છે. જેના પરિણામે રહેણાંક વિસ્તારમાં પણ અનેક હોસ્ટેલો ધમધમતી હોવાનુ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં શહેરમાં અભ્યાસ અર્થે આવતા અનુસુચિત જાતિ અને જનજાતિના વિદ્યાર્થીઓને હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ થાય તે માટે સે-૧૫ માં નવુ હોસ્ટેલ બિલ્ડીંગ બાંધવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. સે-૧૫ માં ફતેપુરા ગામની નજીકના વિસ્તારમાં અનુસુચિત જાતિ જનજાતિના વિદ્યાર્થીઓ માટે રૂ ૧૫ કરોડનો ખર્ચે નવુ હોસ્ટેલ બિલ્ડીંગ બાંધવામા આવશે. જયારે ગ્રાઉન્ડ પ્લસ ફોર અલબત્ત ચાર મજલાની આ બિલ્ડીંગમાં ૨૫૦ વિદ્યાર્થીઓ રહી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. બિલ્ડીંગને અનુલક્ષી આનુસંગિક વ્યવસ્થાઓ પણ ઉભી કરવામાં આવશે. જો કે આ બિલ્ડીંગના મામલે હજુ સ્થળ પસંદગી કરવાની બાકી છે. જયારે આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રકીયા હાથ ધરી દેવામાં આવી છે. ટુંકમાં ટેન્ડર તેમજ સ્થળ પસંદગી આખરી થાય ત્યાર બાદ કામગીરી હાથ ધરવામાં આવશે.

ચિકનગુનિયાનો એક અને ડેનગ્યુના બે શંકાસ્પદ કેસ મળ્યા

સે-૫ અને સે-૧૫માંથી ડેનગ્યુના કેસ તેમજ સે-૪માંથી ચિકનગુનિયાનો શંકાસ્પદ કેસ મળ્યો : ડેનગ્યુના અત્યાર સુધીમાં ૧૬ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં સે-૫ અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાની હોસ્ટેલમાંથી ડેનગ્યુના બે પોઝીટીવ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત સે-૪માંથી ચિકનગુનિયાનો એક શંકાસ્પદ કેસ મળતાં શહેરી મેલેરિયા તંત્ર દોડતું થઈ ગયું છે.

મળતી વિગતો પ્રમાણે સે-૫માં એક મહિલા પિયરથી પરત ફરી હતી અને તાવથી પિડાતી હોવાથી ગાંધીનગર સિવીલમાં તપાસ કરાવતાં ડેનગ્યુ પોઝીટીવ હોવાનું જણાયું હતું.

આ જ પ્રમાણે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાની હોસ્ટેલમાં બે દિવસ પહેલાં જ બિહારથી આવેલ એક ખેલાડીને ડેનગ્યુ પોઝીટીવ હોવાનું તપાસ દરમિયાન જણાઈ આવ્યું છે.

સે-૪માં એક આધેડ મહિલાને ચિકનગુનિયા શંકાસ્પદ જણાતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટમલાં દાખલ કરવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે.

શહેરી મેલેરિયા તંત્ર દ્વારા આ મળી આવેલા કેસોના દર્દીઓના રહેઠાણ અને તેમની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ તેમજ એન્ટી લારવેલ અને ફોગીંગની કામગીરી કરવામાં આવી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ડેનગ્યુના આ સિઝનમાં ૧૬ કેસ અત્યાર સુધીમાં નોંધાયા છે. મલેરિયાના પણ છુટા છવાયા કેસો મળી રહ્યાનું સૂત્રોએ સ્વીકાર્યું છે.

જિલ્લાના ૭ શ્રેષ્ઠ શિક્ષકોને પુરસ્કાર અને પારિતોષિકથી સન્માન

બાળકોમાં સંસ્કારના સિંચન સાથે જીવન ઘડતરની જવાબદારી શિક્ષકોના શીરે : ૭ શિક્ષકો અને ૪ શાળાને પુરસ્કાર-પારિતોષિક

ગાંધીનગર, તા. ૫

રાષ્ટ્રનિર્માણ અને બાળકોમાં સંસ્કારનું સિંચન સાથે જીવન ઘડતરની જવાબદારી શિક્ષકોની છે. શિક્ષક દિન નિમિત્તે જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોને રોકડ પુરસ્કાર અને પારિતોષિકથી સન્માનિત કરાતા આદિજાતિ વિકાસમંત્રી ગણપતભાઈ વસાવાએ સ્વચ્છ ભારતના અભિયાનમાં શિક્ષકો અને શૈક્ષણિક સંસ્થાઓની કાગીરીને બિરદાવી હતી. આ તબક્કે જિલ્લા અને તાલુકાના ૭ શિક્ષકો તેમજ ૪ શાળાઓને સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર જિલ્લા-તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકો તથા સ્વચ્છ વિધાલય પુરસ્કાર કાર્યક્રમનું આદિજાતિ વિકાસમંત્રી ગણપતસિંહ વસાવાએ પુર્વ રાષ્ટ્રપતિ શ્રી ડા. સર્વપલ્લી રાધાકૃષ્ણની જન્મ જયંતિ શ્રધ્ધાજંલિ અર્પણ કરી હતી.

તા. ૫ મી સપ્ટેમ્બરનો દિવસ શિક્ષકો માટે ગૌરવનો અને શિક્ષણ જગત માટે પ્રેરણાદાયી દિવસ છે. તેનો ઉલ્લેખ કરી મંત્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, વ્યક્તિ પોતાના કર્તવ્યોથી મહાન બને છે. શિક્ષણ દ્વારા જ

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લા અને તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકો

શિક્ષકનું નામ	શાળાનું નામ
વિષ્ણુભાઈ એચ. પટેલ	સ્વસ્તિક હાયર સેકેન્ડરી સ્કુલ, મોઢેરા
અશ્વિનભાઈ ભુલાભાઈ પ્રજાપતિ	આદર્શ પ્રાથમિક શાળા, શાહપુર
નવીનભાઈ રમેશભાઈ સુતરીયા	સઈજ પ્રાથમિક શાળા
દિપીકાબેન એ. વ્યાસ	કલોલ પ્રાથમિક શાળા- ૯
મહેન્દ્રકુમાર દેવશંકર રાવલ	મંગલ મંદિર પ્રાથમિક શાળા
અશોકકુમાર બાબુભાઈ પટેલ	ઈન્દિરાનગર (ક) પ્રાથમિક શાળા
સંજયકુમાર વિષ્ણુભાઈ પટેલ	મોટી મોરાલી પ્રાથમિક શાળા

સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર - ૨૦૧૮

- બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિધામંદિર
- આનંદ નિકેતન, સુઘડ
- પૂના પ્રાયમરી સ્કુલ
- રેડબ્રીકસ એજ્યુકેશન ફાઉન્ડેશન

ખેડૂત દેવા માફી મામલે કોંગ્રેસ વિધાનસભા ઘેરાવ કરશે

ખેડૂતોના દેવા માફી અંગે ૧૮મી પહેલાં નિર્ણય નહિ લેવાય તો વિધાનસભા ઘેરાવ કરાશે : અમીત ચાવડા

ગાંધીનગર, તા. ૫

૧૮ સપ્ટેમ્બર પહેલાં ખેડૂતોના દેવા નાબુદી અંગે કોઈ નિર્ણય નહિ લેવામાં આવે તો વિધાનસભા ઘેરાવનું એલાન કોંગ્રેસ પક્ષને આપવાની ફરજ પડશે તેવી ચીમકી આજે પ્રદેશ પ્રમુખ અમીત ચાવડાએ ઉચ્ચારી હતી.

ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે યોજાયેલ ધરણાના કાર્યક્રમમાં બોલતાં તેમણે કહ્યું હતું કે ખેડૂતોના પ્રશ્ને મહોલ્લે-મહોલ્લે અને ગામડે-ગામડે આંદોલન કરશે. તેમણે જણાવ્યુ હતુ કે ખેડૂતોને ટેકાના ભાવ પણ મળતા નથી.

વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ તો ગંભીર આક્ષેપ કર્યો હતો કે મોદી ગુજરાત વિરોધી અને ખેડૂત વિરોધી છે. તેમણે ગુજરાતના ખેડૂતોના હિતમાં નિર્ણય લીધા નથી. ધાનાણીએ મગફળીકાંડનો પણ ઉલ્લેખ કરી જણાવ્યુ હતુ કે મલાઈ કોણ તારવી ગયુ તે બાબતે સરકાર કેમ મૌન છે ?

ખેડૂતોના દેવા નાબુદી કોંગ્રેસે કરી હતી પરંતુ ૨૦૦૨ થી ૨૦૧૪ દરમ્યાન ગુજરાતમાં ભાજપે ક્યારેય ખેડૂતોના દેવાનાબુદીનો મુદ્દો ઉઠાવ્યો જ નથી અને કર્યો પણ નથી. ખેડૂતોનું શોષણ કર્યુ છે.

ગુજરાતના પ્રભારી રાજીવ સાતવે જણાવ્યુ હતુ કે ખેડૂતોને તેમને મળતા ભાવોથી દોઢાભાવે ટેકાના ભાવ સરકાર નક્કી કરશે તેવી વાતો કરતા મોદી હાલ કેમ ચુપ છે. તેમણે જણાવ્યુ હતુ કે મનમોહનસિંહની સરકારે ખેડૂતોના દેવા માફ કર્યા હતા. તેમણે કહ્યુ કે કર્ણાટક-પંજાબમાં ખેડૂતોના દેવા માફ થયા છે ગુજરાતને શુ દુઃખે છે. તેમણે નાણાંમંત્રીએ આપેલા જવાબને ટાંકીને કહ્યુ હતુ કે નાણાંમંત્રીએ જણાવ્યું હતું કે કૃષિ એ રાજ્ય સરકારનો વિષય છે. રાજ્યે જે નિર્ણય લેવો હોય તે લે. કેન્દ્રમાં અને રાજ્યમાં ભાજપની સરકાર છે તો હવે નિર્ણય લેતાં કોણ કોને અટકાવે છે.

દરેક મોરચે નિષ્ફળ નીવડેલી ગુજરાતની પાણી વગરની રૂપાણી સરકાર અને ભારતીય જનતા પાર્ટીના આંતરિક

ખેચતાણ અને ખુશામતખોરીમાં વ્યસ્ત નેતાઓ તથા આગેવાનોને કારણે ગુજરાતની જનતા તેમાં પણ વિશેષરૂપે મહિલાઓ, બાળકો, મજદૂરો તથા ખેડૂતો પીડાઈ રહ્યા છે. તેવા સમયે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ તથા ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિના સાયુક્ત ઉપક્રમે આજે તારીખ ૫-૯-૨૦૧૮, બુધવારે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સત્યાગ્રહ છાવણી, સેક્ટર-૬ ખાતે ખેડૂતોના માનમાં ખેડૂતોના દેવા માફી તેમજ ખેડૂતોની અન્ય પડતર માંગણીઓ માટેના ધરણાં તથા વિરોધ પ્રદર્શનના કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડા, ગુજરાત પ્રદેશ ઈન્ચાર્જ રાજીવ સાતવજી, વિરોધ પક્ષના નેતા પરેશભાઈ

● અનુસંધાન પાન-૭ પર

પાટનગર યોજનામાં બઢતીના અંતે નાયબ કાર્યપાલક ઈજનેરોની ઘટનો પ્રશ્ન હલ

ગાંધીનગર તા ૫

પાટનગર યોજના ભવનમાં બદલી અને બઢતીના દૌરના અંતે મેનપાવરના ઘટની સમસ્યા પ્રમાણમાં હલ થઈ છે. પાટનગર યોજના ભવનમાં છેલ્લા ઘણાં સમયથી ચાર્જમાં ચાલતી તેમજ ખાલી હોય તેવી જગ્યા પર બઢતીના અંતે કાયમી નિમણુંક આપી દેવામાં આવી છે. જયારે નાયબ કાર્યપાલક ઈજનેરને પણ બઢતી ના અંતે કાર્યપાલક ઈજનેર તરીકે અન્ય જગ્યાએ નિમણુંક આપવામાં આવી છે. પાટનગર યોજના ભવનમાં છેલ્લા ઘણાં સમયથી મેન પાવરના નામે મીંડુ હોવાથી નગરના માળખાગત સુવિધાઓના કામો સહીત તંત્રના વહીવટ પર વિપરિત અસર થતી હોવાનો સુર ઉઠવા પામ્યો હતો. જયારે મોટાભાગની જગ્યાઓ ચાર્જમાં હોવાથી શહેરમાં માળખાગત સુવિધાઓ સાથે જોડાયેલા પ્રશ્નોનુ પણ ઝડપથી નિરાકરણ આવતુ ન હોવાનો જન આક્રોશ પ્રબળ બન્યો હતો. પરંતુ થોડા દિવસો અગાઉ જ એસ ઓ ના પ્રમોશન આવતા પાટનગર યોજના ભવનમાં ખાલી પડેલી નાયબ કાર્યપાલક ઈજનેરની જગ્યાઓ કાયમી ભરાઈ જતા તંત્રમાં હવે મેન પાવરની સમસ્યા પ્રમાણમાં મહદઅંશે હલ થઈ ગઈ છે. જો કે હજુ કારકુનની જગ્યાઓ ખાલી છે. બઢતીના અંતે ડીવિઝન-૧,૨,૩ અને ડિવિઝન ૪ માં નાયબ કાર્યપાલક ઈજનેરની કાયમી નિમણુંક આપી દેવાઈ છે. અંદાજિત ૧૦ નાયબ કાર્યપાલક ઈજનેરોને બઢતીના અંતે નિમણુંક મળી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com